# શું કેન્દ્ર સરકાર રાજ્ય સરકારના નિર્ણયની તપાસ કરી શકે?

અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

સમવાયતંત્ર ભારતના બંધારણના મૂળ માળખાનો ભાગ છે. સંઘીય સિદ્ધાંતો બિનફેરફારપાત્ર છે. કેન્દ્ર અને રાજ્યના અધિકારક્ષેત્ર સ્પષ્ટ રીતે સીમાંકિત છે. કોઈપણ મુદ્દે તેમાં ફેરફારને અવકાશ નથી.

સમવાયતંત્ર પર જોખમ જણાય ત્યારે આપણને સામાન્ય રીતે કેન્દ્ર સરકાર દ્વારા તે સંઘીય સિદ્ધાંતો પરના અતિક્રમણની શંકા જાય છે. કેન્દ્ર સરકાર તેની એજન્સીઓ મારફતે સામાન્ય રીતે રાજ્યોમાં જે કંઈ બને તેની તપાસ કરી શકે નહીં. માત્ર અસાધારણ કિસ્સાઓમાં તે સલાહ આપી શકે. બંધારણીય તંત્રનું ઉલ્લંઘન થતું જણાય ત્યારે કલમ - 356 હેઠળ સત્તાનો ઉપયોગ કરી શકે. રાજયના સરકારી અમલદારો વિરૂધ્ધની તપાસ માટે રાજ્યો ખાસ સંમતિ આપે અથવા હાઈ કોર્ટ અથવા સુપ્રીમ કોર્ટ આદેશ આપે તો જ તપાસ કરવા સુધી સીબીઆઈની સત્તા મર્યાદિત છે.

દિલ્હી તપાસના મામલે હું આ ટિપ્પણ કરી રહ્યો છું. મારી ટિપ્પણી કરવાનું ઔચિત્ય સાથે કુદરતી ગેસના ભાવ નક્કી કરવા સંબંધિત નથી. નારાજ સાસંદો સંસદમાં આ મુદ્દો ઊઠાવી શકે છે. અદાલતની પ્રક્રિયા દ્વારા સીધી તપાસ થઈ શકે છે. આ મુદ્દો રાજ્ય સરકારની ભ્રષ્ટાચાર વિરોધી શાખા દ્વારા તપાસને પાત્ર છે, ત્યારે શું કેન્દ્ર સરકાર રાજ્ય દ્વારા લેવામાં નિર્ણયની તપાસ કરી શકે?

દિલ્હી રાજ્ય વિધાનસભા ધરાવતો કેન્દ્રશાસિત પ્રદેશ છે. દિલ્હીનું કાયદાકીય અને વહીવટી અધિકારક્ષેત્ર કલમ 239એએ હેઠળ આવે છે. તેની કલમ 1, 2 અને સાતમા સુધારા હેઠળ રાજ્યોની યાદી 18 દિલ્હીને લાગુ પડતી નથી. દિલ્હીમાં જાહેર હુકમ નિયમન અને પોલીસ મામલે દિલ્હી વિધાનસભાને સત્તા છે. કેન્દ્ર સરકારને કારોબારી સત્તા છે, કાયદાકીય સત્તા નથી. દિલ્હી સરકાર જ પોલીસ બાબતની સત્તા ધરાવે છે. શું દિલ્હી સરકારના ભ્રષ્ટાચાર વિરોધી શાખાની કામગીરીમાં કેન્દ્ર તપાસ કરી શકે? ભ્રષ્ટાચાર વિરોધી શાખા દિલ્હી સરકારની વિજીલન્સ કચેરીનો ભાગ છે. આ સંબંધમાં દિલ્હી સરકાર તમામ સત્તા ધરાવે છે. આમ દિલ્હીના ભૌગોલિક વિસ્તારમાં પોલીસ અમર્યાદિત સત્તા ધરાવે છે, દિલ્હી સરકારની તકેદારી કચેરી અથવા ભ્રષ્ટાચાર વિરોધી શાખા માટે રાજ્ય યાદીમાં એન્ટ્રી 2 દિલ્હીને લાગુ

કરવામાં આવી છે. બંધારણની કલમ 239એએ દ્વારા તે સત્તા પ્રતિબંધિત કરવામાં આવી છે. રાષ્ટ્રીય રાજધાનીમાં કેન્દ્ર સરકારની કામગીરી એક સમાંતર અધિકારક્ષેત્ર સૂચિત કરશે . દિલ્હીમાં કેન્દ્ર સરકારની તકેદારી તેના અધિકારક્ષેત્ર હેઠળ અને દિલ્હી સરકારની તકેદારી અધિકારક્ષેત્ર હેઠળ હોય છે. વડાપ્રધાનના કેબિનેટ સચિવ તમામ સરકારી અમલદારો માટે રાજ્ય સરકારના અધિકારક્ષેત્રમાં દખલ કરી શકે કે કેમ તે એક સંવેદનશીલ બાબત છે. આ બાબતે પોલીસની સત્તાનું અસ્તિત્વ શંકાસ્પદ છે . રાજય સરકારના પોલીસ અધિકારક્ષેત્ર હેઠળ કેન્દ્ર સરકાર બંધારણીય દખલ ન કરી શકે. તે સંઘીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. બંધારણના હાર્દ સાથે તેનું પાલન કરવામાં સંયમ અને મુત્સદ્દીગીરી જરૂર છે. બંધારણીય સંસ્થાઓ સાહસિક કૃત્યો દ્વારા તેને સુરક્ષિત કરી શકે. અન્યથા હું ગંભીરતાપૂર્વક અદાલતી અભિપ્રાય લેવાની તરફેણમાં છું.

સંયુક્ત સચિવ સ્તર કે તેનાથી ઉપરના અધિકારીઓ માટે 'એક મુદ્દાની સૂચના' વડે તપાસની સત્તા માટે કેન્દ્ર સરકાર ની સંમતિ જરૂરી છે. સુપ્રીમ કોર્ટ તેને કોઈ કાનૂની પીઠબળ આપ્યું નથી. તે આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવ્યો હતો, કારણ કે તે વિવાદાસ્પદ રીતે ઘડવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થા તેમજ કાયદાનું અમલીકરણ રાજ્યના વિષયો છે. શું એક રાજ્યમાં પોલીસ એક સબ ઇન્સ્પેક્ટર તપાસ માટે વડાપ્રધાન અથવા કેબિનેટ સચિવને સમન્સ આપી શકે ? આવી સત્તાનો રાજકીય કારણોસર દુરુપયોગ પણ થઈ શકે છે. તેના માટે કેન્દ્ર સરકારની અગાઉથી પરવાનગી જરૂરી છે. તે બાબતના આદેશની ટીકા કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની તપાસ કરવાનો નિર્ણય દિલ્હી સરકારની તપાસમાં દખલ સમાન છે. સરકારે બંધારણીય પરંપરાઓનો ખ્યાલ રાખવો જ જોઈએ.